# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

દાઝયા છીએ દૂધ, અને ખાટી છાસની ખબર છે,
આ બાજુ ખાઇ ઉંડી, તે બાજુ ખોદેલી કબર છે,
ગબ્બરની ધાક મોટી, છડેચોક લૂંટાયા પછી -
લાયક નથી કોઇ પણ, વિમાસણ જબ્બર છે!!

## હાઇકુ

રેલી ની ભીડે,
માપે ઉમેદવાર -
લોકપ્રિયતા..
(ગેરસમજ)

લડે વૃષભો
સુદામા નગરીમાં -
ગુન્હાની ઘાણ..
(ગેંગવોર..)

## ચિંતન

*રત્નૈ મહાર્હૈસ્તુતુષુર્ન દેવા ન ભિજરે ભીમવિષેણ ભીતિમ્ ।*
*સુધાં વિના ન પ્રપયુ વિરામં ન નિશ્ચિતાર્થાદ વિરમન્તિ ધીરાઃ ॥*

'સમુદ્ર મંથનનાં પ્રસંગને લઇને આ શ્લોકની રચના કરવામાં આવી છે. દેવો અને દાનવો સમુદ્ર મંથન કરવા લાગ્યા ત્યારે કિંમતી રત્નો નિકળ્યાં તો પણ દેવો સંતોષ ન પામ્યા, અર્થાત્ છતાં પણ મંથન પ્રક્રિયા ચાલુ જ રાખી, પછી હલાહલ ઝેર નિકળ્યું તો પણ ભય ન પામ્યા. જયાં સુધી અમૃતની પ્રાપ્તિ ન થઇ ત્યાં સુધી મંડ્યા જ રહ્યા - ધીરજવાન લોકોનો સ્વભાવ જ એવો હોય છે કે જયાં સુધી નિશ્ચિત ધ્યેયની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પ્રયત્ન કર્યા જ કરે છે-આરામ લેતા નથી.'

મક્કમ મનોબળ અને દૃઢનિશ્ચય ધરાવનાર સિદ્ધાંતવાદી મનુષ્યો હાથમાં લીધેલું કાર્ય ગમે તેટલી આપત્તિઓ-મુશ્કેલીઓ આવે છતાં પણ પોતાનો માર્ગ-નિશ્ચય બદલતા નથી.

માનવી-યુવાન-વિદ્યાર્થી એ સૌ પ્રથમ તો 'પોતાને શું થવું છે', 'કેવી રીતે થવું છે' એ મનથી નક્કી કરી લેવું જોઇએ. પછી માત્ર એ જ દિશામાં તનતોડ પ્રયત્ન કરી-જયાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી-હતાશ-નિરાશ થયા વિના-મંડ્યા જ રહેવું જોઇએ. વારંવાર નિર્ણય બદલનારા કદી કોઇ બાબતમાં સફળ થતા નથી.'

## સુવિચાર

- મામુલી અગવડતાને સમસ્યા ગણવાની ભૂલ ન કરવી. **- રમેશ ઓઝા**
- કોઇ સારા કામ માટે પ્રેરણાની પ્રતિક્ષા કર્યા વગર કાર્યનો આરંભ કરી જોજો... પ્રેરણા ખુદ તમને શોધતી આવશે **- જ્ઞાનસૂત્ર**
- ઘોડો હોય કે જીંદગી બંને પછડાટ આપી શકે... પણ માણસે હાર્યા વગર ફરી સવારી સફર પૂરી કરવી જ પડે **- એસ. ભટ્ટાચાર્ય**
- કાર્યના આરંભે નાણાંનો અભાવ એ કયારેક વરદાન સાબિત થાય છે, અભિશાપ નહીં, એ અભાવ સર્જનાત્મકતા માટેનું શ્રેષ્ઠ પરિબળ બની જ શકે છે **- નારાયણ મૂર્તિ**
- બાળકોને જે શિખવાડીએ છીએ એનો અમલ વડીલો પણ કરે તો આ દુનિયા સ્વર્ગ બની જાય **- એ.પી.જે. કલામ**
- વિશ્વાસ મેળવી શકાય છે.. જો સત્ય બોલતા આવડે... મંઝીલ મેળવી શકાય છે... જો પુરૂષાર્થ કરતા આવડે **- અખંડ આનંદ**
- ગુરૂ આજ્ઞા ત્યાં અપીલ નહીં, અને સમર્પણ ત્યાં સવાલ નહીં **- જનકલ્યાણ**

**(સંકલન : દીપક વી.આસરા)**

## બોધ કથા

આપણા પ્રધાનશ્રી કોઇ 'નિશાળ'માં જવાના હોય તો એક સપ્તાહ પહેલાં 'સાફસફાઇ'-પૂર્વતૈયારી થાય. વડી મુખ્યમંત્રી પસાર થવાના હોય તો 'રસ્તા બંધ' થઇ જાય અને પ્રધાનશ્રીનાં અંગત કામો તો પીએના ધમકી ભર્યા અવાજનાં 'ફોન' થી જ પતી જતાં હોય - ચૂંટાયા પછી આવા એ 'સામાન્ય નાગરિક' તો રહેતા જ ની વીવીઆઇપીના પિતાશ્રી જ પોતાને સમજે છે.

ઓબામા પ્રમુખ તરીકે ચૂંટાયા પછી વાઇટ હાઉસમાં રહેવા આવ્યા. એની પુત્રીને સ્કૂલમાં પ્રવેશ લેવાનો હતો પુત્રીની એક સખી જે સ્કૂલમાં ભણતી હતી ત્યાં જ એને પ્રવેશ જોઇતો હતો. પ્રમુખ ઓબામા પોતાની અંગત કારમાં પ્રવેશ લેવા માટે જાતે ગયા.

પ્રિન્સીપાલને પોતાની પુત્રી માટે પ્રવેશ આપવા વિનંતી કરી ફોર્મ માગ્યું. પ્રિન્સીપાલ કહે આપ જયાં રહો છો ત્યાં પાંચ કિલોમીટરની અંદર જ એક સ્કૂલ છે આપણો કાયદો એવો છે કે ઘરની નજીક જે સ્કૂલ હોય ત્યાં જ પ્રવેશ લઇ શકાય! હું દિલગીર છું -

ઓબામા એ માફી માગતાં કહ્યું હું આ શહેરમાં નવો છું મારા રહેઠાણ નજીક જે સ્કૂલ છે તેનું નામ - સરનામું આપો... એ લઇને આભાર માની ઓબામા નિકળી ગયા...

શાળાએ એમના આવવા-જવાની કોઇ જ નોંધ લેવામાં આવી નહીં અને ઓબામા પણ તંત-હઠ-જક્ક-દબાણ કર્યા વિના શાંતિથી નિયમ પાલન માટે નિકળી ગયા..

આ જગ્યાએ આપણાવાળા હોય તો?!

Email - sureshchandrabhatt18@gmail.com

# આપણા વ્હાલાં, આંખના રતન... ગણાતાં લાડકવાયાંને કેટલાક જીવન શિક્ષણના પાઠ ભણાવીએ...

## લાગણીનો મેળો

**- રસિક આર. વાળંદ 'નિર્ઝર'**

પાયા હૈ તો ફિર દે દે પ્યાર,
પાય પાય ફિર ખોના કયા હૈ,
જબ અખિયન મૈં નીંદ ઘનેરી,
તબ તકિયા ઔર બિછૌના કયા?

આજે શિક્ષણનો વ્યાપ વધ્યો...... ગુણવત્તા ઘટી છે.. વિદ્યાર્થી નર્યો પરીક્ષાર્થી બન્યો.... શિક્ષણ માત્ર ને માત્ર કારકિર્દી મેળવવાનું - આજીવિકા રળવાનું એકમાત્ર સાધન જ ગણાય છે... ફલસ્વરૂપે 'સાક્ષરા વિપરીત ભવતિ રાક્ષસાઃ' આ ઉક્તિ પ્રત્યેક શિક્ષિત જનના બારામાં યથોચિત પુરવાર થતી જણાય છે.આજનો વ્યક્તિ પાવરધો બન્યો છે ખરો પરંતુ રોજબરોજના વ્યવહારમાં ચોક્કસાઈ અને સાદગી ગુમાવી ચૂક્યો છે. ટી.વી., ઈન્ટરનેટ, ફિલ્મો, મોબાઈલ - જેવા અતિ અધતન ઉપકરણોના રવાડે ચઢી વાતોડિયો જરૂર બન્યો પરંતુ જાતે પ્રવૃત્ત થઈ કોઈ એક શોખ વિકસાવી તેમાં પાવરધા થવાનું - હુન્નર કેળવવાનું કે સ્વાવલંબી બની શક્યો નથી.... ટૂંકમાં એવું કહી શકાય કે શાળાનું ભણતર ગણતરમાં પરિણમતું નથી જેથી ઘડતર ચૂકાયું છે.

ખેર, ઉનાળુ રજાઓ શરુ થઈ ચૂકી છે. બંધનમાંથી મુક્તિનો હાશકારો સૌ બાળકો અનુભવે છે. વેકેશન એટલે વિદ્યાર્થીઓની પરીક્ષા પૂરી થઈ - ને - ગૃહિણીઓની પરીક્ષા જાણે શરુ થઈ...!! કાળજાળ ગરમીના દિવસો, બાળકોની સતત હાજરી, સતત વિડીયો ગેમ, ફિલ્મો જોયા કરવી, સતત કંઈક ખાધા કરવું, બાળકો વચ્ચે અંદરો અંદર નાની-મોટી તકરારો, ધીંગામસ્તીથી ખાસ કરીને ગૃહિણીઓ વાજ આવી જતી હોય છે. સાવ નિરુદેશે વેડફાઈ જતો રાજાઓના સોનેરી સમયનો રચનાત્મક ઉપયોગ કરવા કંઈક વિચારીએ...

ચાલો, આપણાં વ્હાલાં, આંખનાં રતન...ગણાતાં લાડકવાયાંને કેટલાક જીવન શિક્ષણના પાઠ ભણાવીએ...

ગરમીનો ઉકળાટ ને અકળાવનારા દિવસોને જીવન શિક્ષણ સાથે જોડીએ... આ માટે મા-બાપ રાત્રે જમતી વખતે બાળકો માટે આવતીકાલની તાલીમનું આયોજન આપી શકે. અને જીવન કૌશલ્ય ખીલવવાની એક કે બે પ્રવૃત્તિ પોતાના ઘરેજ બાળક કરી શકે એવી ગોઠવણ કરવી....

**જીવન શિક્ષણના પાઠ અંગેની યાદી નીચે મુજબ છે...**

- ◆ ઘરના એક ઓરડામાં સાવરણીથી કચરો વાળવો.
- ◆ ઘરના એક ઓરડામાં પાણીમાં ફીનાઈલ નાખી પોતા કરવા.
- ◆ પોતે જમ્યા હોય તે વાસણો સાફ કરવા.
- ◆ પોતાનો રૂમાલ અને નાના કપડા સાબુથી ધોવા અને મુકવા.
- ◆ બુટ-ચંપલને પોલીસ કરવી.
- ◆ પોતાના કપડાને ઈસ્ત્રી કરવી.
- ◆ ઘરમાં પહેરવાના સ્લીપરની પટ્ટી નાખવી.
- ◆ બટન ટાંકવું, સોય દોરાથી ફાટેલું કપડું સાંધવું.
- ◆ પોતાની પથારી પાથરવી અને સંકેલવી.
- ◆ ઘરમાં કોઈ એક કબાટ ગોઠવવો.
- ◆ મિત્ર, સગાસંબંધીને પોસ્ટકાર્ડ ઉપર પત્ર લખી પોસ્ટ કરવો.
- ◆ સરનામાં મુજબ નિયત ઘર અથવા સ્થળ સુધી પહોચવું.
- ◆ બે કે ત્રણ વ્યક્તિ માટે લીંબુનું સરબત બનાવવું.
- ◆ ગેસ પાઈપલાઈન/ ચૂલો સળગાવતાં શીખે.
- ◆ બે કે ત્રણ વ્યક્તિ માટે ચા કે કોફી બનાવવી.
- ◆ બે કે ત્રણ વ્યક્તિ માટે ખીચડી બનાવવી.
- ◆ ચાર કે પાંચ નંગ ભાખરી અથવા થેપલા બનાવવા.
- ◆ કાચા ખાવાલાયક શાકભાજીમાંથી ગ્રીન સલાડ બનાવવું અને જરૂર પ્રમાણે મસાલો નાખી ડીશમાં ગોઠવવું.
- ◆ અનાજ કઠોળ પલાળી ફણગાવવું.
- ◆ એક વાટકો ઘઉં,ચોળા,વળીયારી પૈકી કોઈ એક વસ્તુ સાફ કરવી.
- ◆ ઘરવપરાશની સાદી દવાઓ મેડીકલ સ્ટોર માંથી ખરીદવી.
- ◆ પોસ્ટ ઓફીસ માંથી જરૂરીયાત મુજબ ટિકિટ ઈન્લેન્ડ ખરીદે.
- ◆ બેંકમાં જઈ નિયત ખાતામાં ચેક/પૈસા ભરે.
- ◆ બસની ટિકિટ ખરીદે.
- ◆ લાઈટબીલ/ટેલીફોનબીલ ભરે.
- ◆ રીઝર્વેશન ફોર્મ ભરી રેલ્વે ટિકિટ ખરીદે.
- ◆ ઘરના જુના છાપાની પસ્તી વજન કરી વેચે.
- ◆ ખરીદી થયા પછી હિસાબ તૈયાર કરે.
- ◆ પોતાની સાઈકલ સાફ કરી ઓઈલીંગ કરે.
- ◆ ઘરના દરવાજાના માપ પ્રમાણે આસોપાલવ કે ફૂલનું તોરણ બનાવી બાંધે.
- ◆ ફૂલદાની સજાવે. રંગોળી બનાવવી.
- ◆ વીજળીનો બલ્બ ચઢાવવો.
- ◆ ઈલેક્ટ્રિક ફ્યુજ બાંધે અને ઈલેક્ટ્રિક બોર્ડમાં ફ્યુજ લગાવે.
- ◆ ભીંતમાં/ લાકડામાં ખીલી અથવા સ્ક્રૂ લગાવતા શીખે.
- ◆ સ્ક્રૂ ડ્રાઈવર/ ડીશમીશથી સ્ક્રૂ ટાઈટ કરે અને પાના/પક્કડથી બોલ્ટમાં નટ ટાઈટ કરતા શીખો.
- ◆ ટેલીફોન/મોબાઈલ પર ફોન જોડતા શીખો.
- ◆ બગીચા/કૂંડામાં છોડ વાવે.
- ◆ દાતરડા કે સળિયા વડે કૂંડા/ક્યારાની જમીન ખોદી છાણીયું ખાતર નાખે.
- ◆ કૂંડા/બગીચાની ઈંટો/ ઘરના બહારના ઓટાને ગેરુ/સફેદ ચૂનો મારતા શીખે.
- ◆ પુસ્તકને પૂંઠા ચઢાવે.
- ◆ પાઉડરના જુના ડબ્બાને સુશોભિત કરી ફૂલદાની બનાવે.
- ◆ રાખડી બનાવે/ સૂતળી સિંદરીમાંથી આસન બનાવે.
- ◆ કોઈ એક વાજિંત્ર વગાડતા શીખે.
- ◆ સાઈકલ ચલાવતા શીખે.
- ◆ કોમ્પ્યુટરની પ્રાથમિક જાણકારી મેળવે- કીબોર્ડ નો ઉપયોગ કરતા જાણે.
- ◆ ચેસની રમત શીખે.
- ◆ ઘરવપરાશના મરી મસાલા/ શાકભાજીના ઔષધીય ગુણોનો ચાર્ટ બનાવે.
- ◆ વાલી પાસે ૧૦ દિવસ સદવિચારોનું વાંચન કરે - સૂક્તિ વાંચન કરે.
- ◆ પોતાના કુટુંબની જ પેઢીના કે સંબંધીઓની યાદી તૈયાર કરી ચાર્ટ બનાવે. - વંશાવલી તૈયાર કરે.
- ◆ ત્રિકાળસંધ્યાના શ્લોક કંઠસ્થ કરે. પ્રાતઃ પ્રાર્થના/ સાંજ પ્રાર્થના કરે.
- ◆ કોઈ એક ભાવતી વસ્તુ દસ દિવસ માટે છોડી દે.

રજાઓ દરમિયાન બાળકોના સર્વાંગી વિકાસ સાથે જીવનશિક્ષણના પાઠ પાકા થાય તે હેતુસર શાળાઓ, યુવકમંડળો, શેરી/ મહોલ્લાના કે સોસાયટીના બાળકોને એકત્ર કરી પ્રવૃત્તિનું સંચાલન કરી શકે તેવા સીનીયર સીટીજન્સ પણ નીચે મુજબના કાર્યક્રમો સમૂહમાં યોજી શકે.

- ◆ બાળકોની શારીરિક ક્ષમતા કેળવવા માટેની પ્રવૃત્તિઓ.
- ◆ નજીકના દસેક કિલોમીટરનો સાઈકલ પ્રવાસ યોજવો.
- ◆ પાંચેક કિલોમીટરનો પગપાળા પ્રવાસ વનભોજન/પર્યટન યોજી શકાય.
- ◆ લાઠી દાવ લેઝીમ, ડમ્બેલ્સ, સૂર્યનમસ્કાર, યોગ-પ્રાણાયામની તાલીમ બાદ તેમનું નિદર્શન યોજો.
- ◆ બાળકોમાં સમૂહભાવના બળવત્તર બને તે માટેની પ્રવૃત્તિઓ.
- ◆ શેરી- મહોલ્લા કે સોસાયટીના જુદા-જુદા વયજૂથના બાળકોને સમૂહનૃત્ય/સમૂહ અભિનયગીત, શૌર્યગાન જેવું તૈયાર કરી નિદર્શન કરે.
- ◆ શાળાની કે સોસાયટી વિસ્તારમાં નક્કી કરેલ સ્થળની દીવાલ ઉપર છાપા, સામાયિકો, કેલેન્ડરના જુના ચિત્રો લગાડી કોલમ તૈયાર કરે.
- ◆ વિવિધ રોગ નિવારણ કે પાણી,ઉર્જા - જેવી પર્યાવરણ સબંધી વિષય આધારિત નગરયાત્રા યોજવી..
- ◆ સેવા-સદભાવનાના ગુણોને પ્રેરિત કરતી પ્રવૃત્તિઓ.
- ◆ જાહેર સ્થળો - જેવાં કે એસ.ટી.સ્ટેશન, રેલવે સ્ટેશન, સ્મશાનગૃહ,શાળા આસપાસના સ્લમ વિસ્તારમાં શ્રમયજ્ઞનું આયોજન કરવું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# રાષ્ટ્રીય સ્થાન પામેલાં સુંદર, ગાયક અને અદ્‌ભૂત પક્ષીનું રક્ષણ થાય તે માટે પ્રયત્નશીલ બનીએ...

## લોકપ્રિય પક્ષી - મોર
## વન્યસૃષ્ટિ પરિચય

**- હેમંત સુથાર**

આપણાં સહુનું પ્રિય એવું પક્ષી તે મોર. સુંદરતામાં અને મીઠા ગાનમાં તેનો જોટો ન જડે. આ પક્ષી એટલે જ આપણાં રાષ્ટ્રીય પક્ષી તરીકે સ્થાન પામ્યું છે. પ્રાચીન કાળથી આપણાં શાસ્ત્રો, સાહિત્ય અને ચીત્રસંગીત-નૃત્ય જેવી બાબતોમાં મોરનો ઉલ્લેખ થયેલો જોવા મળી આવશે.

મોરને આપણે વિદ્યાની દેવી એવા સરસ્વતીજીનું વાહન માન્યું છે. તેમ કાર્તિકેય દેવું પણ તે વાહન છે. ભગવાન કૃષ્ણના સૌંદર્યમાં મયુર પીંછૂ અભિવૃદ્ધિ કરે છે. મોરનાં પીછાંમાં રહેલ આંખને ભગવાનની આંખ માનવામાં આવે છે. મોર સૌંદર્ય, શ્રદ્ધા, પવિત્રતા, પ્રસન્નતા અને ગૌરવનું પ્રતિક મનાય છે. મોર યુદ્ધના દેવતા વરસાદ અને વીજળીના દેવ પણ મનાય છે. આવા, આ પક્ષીને કોઇએ જોયું જ ન હોય તેવું બને? અથવા તો મોર વિશેની એવી ઘણી માહિતી હોય છે જે ખબર જ ન હોય તેવું બને? હા, એક જંગલ ભ્રમણ દરમિયાન સુરતની કોલેજ કન્યા મોરને જોઇને ગાંડા જેવી થઇને અતિ ઉત્સાહમાં તેના અધ્યાપકને પુછતી હતી કે સાહેબ આ ક્યું પક્ષી છે? નવાઇ લાગે કે અતિશયોક્તિ લાગે તેવી વાત છે પરંતુ સદંત્તર સત્ય ઘટના છે. બધાને પીંછાવાળા સુંદર કળા કરતાં મોરની જ ઓળખ છે. ઘણાં લોકો ઢેલને ઓળખતાં જ નથી. ઢેલ તેમને નવું - જુદું પક્ષી લાગે છે.



મોરને અંગ્રેજીમાં 'પીકોક' (Peacock) કહે છે. ઢેલને અંગ્રેજીમાં 'પીહેન' (Peahen) કહે છે. મોરનાં બચ્ચાને પીચીક (Peachick) કહે છે. મોર કુટુંબ પ્રિય પક્ષી છે તેને સમુહમાં જ રહેવાનું ગમે છે. તેના સમૂહ/જૂથને પ્રાઇડ/પાર્ટી (Pride Party) કહે છે અને ફક્ત ઢેલની ટોલખીને હરેમ (Harem) કહે છે.

નર, માદા, બચ્ચાં વગેરેને 'પીફાઉલ' (Pea Fowl) કહેવામાં આવે છે. મોરનાં કુટુંબને બેવી (Bevy) કહે છે.

વિશ્વમાં ત્રણ પ્રકારના મોર છે. પ્રથમ તો આપણો ભારતીય વાદળી મોર (Indian blue Peafowl), બીજો લીલો મોર (Green Peafowl) અને ત્રીજો કોન્ગો મોર (Congo Peafowl).

ભારતીય મોર ભારત, શ્રીલંકા, અને પાકિસ્તાનમાં જોવા મળે છે. ગ્રીન પીફાઉલ દક્ષિણ પૂર્વીય એશિયાના દેશોમાં જોવા મળે છે અને કોંગો પીફાઉલ એ નામ મુજબ મધ્ય આફ્રિકામાં જોવા મળે છે.

"મોરનાં ઇંડા ચિતરવા ન પડે" તેવી ગુજરાતી કહેવત ઇંડા માટે કઇ રીતે છે તે ખબર નથી પરંતુ તેના બચ્ચાંઓ માટે ખુબ જ લાગુ પડે છે. મોરનાં બચ્ચાં જન્મ લેતાની સાથે જ પ્રથમ દિવસથી ચાલતાં થઇ જાય છે. જાતે ખાતા અને પાણી પીતાં થઇ જાય છે. મા તેમને શું ખાવું ન ખાવું અને ભયથી સ્વરક્ષણ માટે વૃક્ષ ઉપર કે ઊંચાઇ પર જઇને સુઇ જવાનું પસંદ કરે છે. મોરનાં બચ્ચાં ૭ દિવસમાં ઊડતા થઇ જાય છે.

એક નર (મોર) ૨ થી ૫ માદાઓ સાથે જોડી બનાવે છે. માદાઓ નરના કદ, તેના પીંછાઓની કલા અને સુંદર અવાજને ધ્યાનમાં લઇ પસંદ કરે છે. મોરનાં બચ્ચામાં નરને ત્રણ વર્ષની ઉંમરનો થાય ત્યારે પીંછા આવે છે. મોરમાં ૨૦૦ જેટલા મોટા રંગીન પીંછા હોય છે.

દર વર્ષે ઉનાળામાં ખરી પડે છે અને નવા આવે છે. મોરનાં શરીરની કુલ લંબાઇની ૬૦ ટકા લંબાઇ તેના પીંછા હોયછે.

મયુર નૃત્ય સુપ્રસિદ્ધ છે. આવા નૃત્ય સમયે મોરનાં પીંછાઓમાં ઝણઝણાટી ધ્રુજારીથી જે અવાજ નીકળે છે. તે પૈકી માણસો સાંભળી શકતા નથી. આવા અવાજને માદાઓ સાંભળી શકે છે.

મોર ટેહુક... ટેહુક... કે મેહુ.. મેહુ... જેવા બુલંદ મોટા જાણીતા અવાજ ઉપરાંત કુલ ૧૧ પ્રકારના અવાજ કાઢે છે. અંગ્રેજીમાં મોરનાં અવાજને મેવીંગ (Mewing) કેક્રાઇંગ (Crying) કહે છે. અંગ્રેજો તેને ધેરવીલબી રેઇન (There will be rain) એવું બોલે છે તેમ કહે છે. આપણે લોકો પણ તે મહુલાને આવકારતો હોય તેવું બોલે છે તેમ માનીએ છીએ. મોરને બુલંદ અવાજ લાંબા અંતર સુધી સંભળાય છે અને કુદરતી વિસ્તારોમાં તેના અવાજમાં પડઘા પણ સંભળાતા હોય છે.

મોર મિશ્રાહારી પક્ષી છે. જે જમીન પર હરતાં-ફરતાં ચારો ચરે છે તેમ કહેવાય છે. મોર ફુલની પાંદડીઓ, કુણા પર્ણો, બીજ, કીટકો, સરિસૃપો અને ઉભયજીવીઓને ખાય છે.

આજે હવે મોર બચાવવા માટેની આપણે ચિંતા કરવી પડે છે. મોરનું માંસ ખાનારા લોકોને કારણે મોરનો શિકાર થાય છે. મોરને લાયક કુદરતી વાસસ્થાનો ઝડપથી ઘટી રહ્યા છે. ખેતરોમાં ઝેરી જંતુનાશક દવાઓ નંખાય છે. તેની અસર વર્તાય છે. મોરનાં પીછાંઓ એકઠા કરીને સ્થાનિક લોકો ધાર્મિક કાર્યો વગેરેમાં વાપરે છે. અમુક લોકો મોરનાં પીંછાઓનો વેપાર કરે છે. વિદેશોમાં મોરનાં પીછાં મોરી કિંમતે વેચાય છે. મોરના પીંછા લેવા, વેચવા એ ગંભીર ગુનો છે છતાં લોકો બેધ્યાનપણે તે ખરીદીને ઘરમાં રાખતાં હોય છે. જે સલાહ ભર્યું નથી.

વિશ્વમાં ઉડી શકતાં મોટા કદના પક્ષીઓમાં મોરનું નામ પણ લેવામાં આવે છે. મોર લાંબા અંતરે સતત ઉડતાં હોતા નથી. તે ટૂંકું અંતર જ ઉડી શકે છે.

રાષ્ટ્રીય સ્થાન પામેલાં સુંદર, ગાયક અને અદ્‌ભૂત પક્ષીનું રક્ષણ થાય તે માટે પ્રયત્નશીલ બનીએ...

# મિલ્કતના માપ અને ક્ષેત્રફળની ચકાસણીના નામે દસ્તાવેજ પેન્ડીંગ રાખી શકાય નહિ

## માત્ર અમદાવાદ શહેરમાં જ ૬૦૦ દસ્તાવેજ ત્રણ માસમાં પેન્ડીંગ

## વાત કાનૂન કાયદાની...

**- અશ્વિન વી. ત્રિવેદી**

સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજની નોંધણીમાં પૂરતી સ્ટેમ્પ ટ્યુડી અને રજીસ્ટ્રેશન ફી ભરી હોવા છતાં વિવિધ પ્રકારના બાના બતાવી તેમજ મિલ્કતના માપ ચકાસણી તથા ક્ષેત્રફળની ચકાસણીના નામે દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર કચેરીમાં પેન્ડીંગ રાખતા હોય છે આવા દસ્તાવેજ છ મહિના સુધી નિકાલ કરવામાં આવતો નથી પરિણામે મિલ્કતની કાયદેસરની જંત્રી, સ્ટેમ્પ ભરી ખરીદનાર પોતાના માલિકીના પુરાવા ઈન્ડેક્ષ કે અસલ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર કચેરીમાંથી પરત મેળવી શકતો નથી તેમજ તેના કારણે માલિકી હક્ક ફેરફાર મિલ્કતની તબદીલી, મિલ્કત લેનાર ના નામે રેવન્યુ રેકર્ડમાં થતી નથી પરિણામે ઘણી વખત મૂળ માલિકો અન્ય બીજી વ્યકિતને રેકર્ડના આધારે હસ્તાંતર કરે છે જેનાથી કાયદાકીય લીટીગેશનમાં ખરીદનારે વિના કારણે ઉતરવું પડે છે અને સમય અને નાણાનો વ્યય કોર્ટ કચેરી તથા રેવન્યૂ કોર્ટમાં થાય છે. ૨૦/૩/૨૦૧૪ ના રોજ એકજ દિવસમાં ૬૨૯ દસ્તાવેજજો માત્ર અમદાવાદમાં જ નોંધવામાં આવેલા જેનું મુખ્ય કારણ ૧/૪/૨૦૧૩ થી રૂા.૫૦ લાખના ટ્રાઝીકેશન ઉપર ૧% ટી.ડી.એસ. લાગુ પડવાનો નવો નિયમ હતો.

સબરજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજની નોંધણી કરાવવા જનારા લોકોને ભારે હાલાકી પડે છે સક્ષમ અધિકારીઓ દ્વારા મિલ્કતના માપ અને ક્ષેત્રફળની ચકાસણી કરવાના નામે દસ્તાવેજો પેન્ડીંગ રખાય છે. મિલ્કતના પ્લાન પાસ થયા છે કે નહિ તેવા મુદ્દા ઉપસ્થિત કરીને પણ દસ્તાવેજ રોકી રાખવામાં આવે છે. આ પ્રકારના દસ્તાવેજો રોકવાની સત્તાઓ સબરજીસ્ટ્રારો પાસે નથી છતાં પણ આવા પ્રકારે મિલ્કત ખરીદનારને ઘણી વખત પરેશાન કરવામાં આવે છે.

ખરીદનારે મિલ્કતના સ્ટેમ્પ તથા રજીસ્ટ્રેશનના ઘણા જ મોટા નાણા સરકારમાં જમા કરાવ્યા હોવા છતાં જંત્રી પ્રમાણે જ કિંમતથી દસ્તાવેજ નોંધવા માટે રજુ કરવામાં આવતા હોવા છતાં માપ તથા ક્ષેત્રફળ ચેક કરવાના બહાને દસ્તાવેજ સબરજીસ્ટ્રાર દ્વારા સત્તા, અધિકાર બહાર પેન્ડીંગ રાખવામાં આવતા ખરીદનાર લોકોને ઘણી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

આ અંગે સક્ષમ અધિકારી સામે આરટીઆઈ દ્વારા પૂછાતા સક્ષમ અધિકારીએ એવો જવાબ આપેલ કે મિલ્કતોના વેચાણ દસ્તાવેજની નોંધણી વખતે સબ રજીસ્ટ્રરોએ મિલ્કતના માપ અંગે ચકાસણી કરવાનો પરિપત્ર મોકલવામાં આવેલ નથી તેમજ માપ ક્ષેત્રફળ ચકાસણી કરવાનું કાર્ય સર્કલ અધિકારીનું છે. નાયબ મામલતદારનું છે માપ વર્ણન પ્રમાણે દસ્તાવેજમાં રેકર્ડ આધિન ક્ષેત્રફળ ના દર્શાવેલ હોય તો આવી મિલ્કત ખરીદનારના નામે કરવામાં આવતા રેવન્યૂ રેકર્ડની કાચી નોંધો સર્કલ દ્વારા પ્રમાણિત જ કરવામાં આવતી નથી આ સમગ્ર કાર્ય સર્કલ અધિકારી તથા નાયબ મામલતદારનું છે. સબરજીસ્ટ્રને માત્ર રેકર્ડ આધિન સ્ટેમ્પ તથા રજીસ્ટ્રેશન ફી બરાબર ભરપાઈ કરેલ છે કે કેમ? તેની જ ચકાસણી કરવાની સત્તા છે. જો સ્ટેમ્પ પણ પૂરતો ના ભરવામાં આવેલ હોય તો આવા દસ્તાવેજ મૂલ્યાંકન માટે નાયબ સ્ટેમ્પ મૂલ્યાંકનને મોકલી આપવા જોઈએ નાયબ સ્ટેમ્પ મૂલ્યાંકન કલેકટર જે તે ખરીદનારને સ્ટેમ્પ એકટની કલમ ૩૨-ગ મુજબ ખૂટતો સ્ટેમ્પ તથા દંડ ભરવા માટે નોટીસ મોકલી આવા દસ્તાવેજની ખૂટતી સ્ટેમ્પ વસુલ કરે ત્યારબાદ જ અસલ દસ્તાવેજ તથા ઈન્ડેક્ષ ખરીદનાર વ્યકિતને મળે છે.

નોંધણી સહ નિરિક્ષકની કચેરીમાં જાહેર માહિતી અધિકારના કાયદા હેઠળ આરટીઆઈની અરજી કરી આવી માહિતી દસ્તાવેજો સબ રજીસ્ટ્રારને માપ ક્ષેત્રફળની ચકાસણી માટે પેન્ડીંગ રાખવા અંગે કોઈ જ પરિપત્ર સક્ષમ અધિકારી એ સબરજીસ્ટ્રારને આજદિન સુધી પાઠવેલ નથી.

સબરજીસ્ટ્રારોને ક્ષેત્રફળ કે પ્લાન પાસના નામે રેકર્ડ ચકાસણી કરવા સુધી આવા દસ્તાવેજ પેન્ડીંગ રાખવાનો કોઈ જ કાયદાકીય હકક, અધિકાર નથી.

તા.૩૦/૩/૨૦૧૪ સુધીના સમયગાળામાં માત્ર અમદાવાદમાં જ ૬૧૨૪ દસ્તાવેજોની નોંધણી કરાવવા માટે રજુ કરવામાં આવ્યા હતા તેમાંથી ૬૦૦ ઉપરાંત દસ્તાવેજો માપ, ક્ષેત્રફળની ચકાસણીનું બહાનું કાઢી સબરજીસ્ટ્રારોએ પેન્ડીંગ રાખેલ છે જેનો નિકાલ નોંધણી સર નિરિક્ષકના સદર જવાબથી થશે, અને ખરીદનાર લોકોએ મિલ્કતની મોટી કિંમત ચુકવી મોટી રકમનો સ્ટેમ્પ તથા રજીસ્ટ્રેશન ફી ભરી મિલ્કત ખરીદેલ છે જેના કાયદેસરના માલિક બનશે તથા દસ્તાવેજો પરત મળતા તે લગત રેવન્યૂ રેકર્ડમાં પોતાના નામે હકક, હસ્તાંતર કરાવી શકશે અને નિરાંતનો શ્વાસ લેશે.